અપીલ અરજી નં.૨૦૩ તા.૨૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયાની તા.૧૮–૮–૧૦ ની અરજીથી વોર્ડ નં.૩૬ માં ગેરકાયદેસર બાંધકામની વિગત (૧) કાયદેસર બાંધકામ માટે **SMC** માં રજુ કરવા માટેનાં દરેક પુરાવાની વિગત. (૨) ગેરકાયદેસર બાંધકામ કોને– કોને ગણાવી શકાય. (૩) વોર્ડ નં.૩૬ માં ગેરકાયદેસર બાંધકામ બદલ કેટલો દંડ વસુલાયો છે ? કોની કોની પાસે નામ અને સરનામું આપવા વિનંતી. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૩/૨૦૧૦–૧૧

શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયાની તા.૧૮–૮–૧૦ ની અરજીથી વોર્ડ નં.૩૬ માં ગેરકાયદેસર બાંધકામની વિગત (૧) કાયદેસર બાંધકામ માટે **SMC** માં રજુ કરવા માટેનાં દરેક પુરાવાની વિગત. (૨) ગેરકાયદેસર બાંધકામ કોને– કોને ગણાવી શકાય. (૩) વોર્ડ નં.૩૬ માં ગેરકાયદેસર બાંધકામ બદલ કેટલો દંડ વસુલાયો છે ? કોની કોની પાસે નામ અને સરનામું આપવા વિનંતી. તેની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૨૮ તા.૧૭–૯–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અરજદારે માંગેલ મુદ્દા નં.૧ અને ૨ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી છે તે વેબસાઈટ પર મુકેલ છે કે કેમ? આવી માહિતી સામેથી આપવા પાત્ર કક્ષાની હોય તે અંગે પુરક વિગતો માટે માહિતીની નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૬૮ તા.૪–૧૦–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ / આ.નં ૨૬૪૮ તા.૧ ૨ – ૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, લીંબાયતઝોન તરફથી કાર્યપાલક ઈજનેર ઈસ્ટઝોન વરાછા તથા સા.ઝોન ઉધનાને વોર્ડ નં.૩૬ ની આંશિક માહિતી માટે પત્ર નં.સા.ઈ.ઝોન/ લીંબાયત/ ૨૦૦૩ તા.૨૧–૮–૧૦ થી તબદીલ કર્યાની પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મેહકમ/૨૨૮૫ તા.૧૭–૯–૧૦ થી આપવામાં આવેલ માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/ટે.ક/૪૫૮ તા.૧–૯–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, તથા પૂરક માહિતીમાં સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૪૬ તા.૧૨–૧૦–૧૦ ના રોજ આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.આઈ ડી નં.૧૯૨ તા.૧૮–૮–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી સાઉથ ઈસ્ટઝોન લીંબાયતને લીંબાયતઝોન ખાતે વોર્ડ નં.૩૬ માં ગેરકાયદેસર બાંધકામની બાબત હેઠળ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે મુદ્દા નં.ઈ.ચા. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આરટીઆઈ/આ.નં.૨૦૦૩ તા.૨૧–૮–૧૦ થી અરજદારની જાણ હેઠળ કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તથા સાઉથઝોન ઉધનાને આંશિક માહિતી વોર્ડ નં.૩૬ અંગે તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.ઝોન/ટેક./૪૫૮ તા.૧–૯–૧૦ થી મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૮૫ તા.૧૭–૯–૧૦ થી મુદ્દા ન.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૧૭–૯–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકાર લીંબાયતઝોન ના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૮ થી નારાજગી દર્શાવી તા.૨૮–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૧ બાંધકામની મંજુરી માટે રજૂ કરવા માટેના પુરાવાની વિગતો માંગવામાં આવી હતી પરંતુ વિગતો અને મુદ્દાઓના બદલે પુસ્તકનું નામ જણાવાયું છે એનાથી અસંતોષ છે. અપીલના મુદ્દા નં.૨ ગેરકાયદેસર બાંધકામ કરાવવા માટે ના કારણો મંગાવાયા હતાં પરંતુ જવાબમાં પુસ્તકનું નામ આપ્યું છે તેવું જણાવી નારાજગી છે. આમ મુદ્દા નં.૧ અને ૨ ના તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારને દફતરી ઈન્સ્પેકશન રૂબરૂ સ્વયં ઝોનના શહેર વિકાસ વિભાગમાં કરી જવા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ /૨૬૪૬ તા.૧૨–૧૦–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદાર જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન ૨૦૦૪ નું પુસ્તકનું રૂબરૂ સ્વયં દફતરનું ઈન્સ્પેકશન કરીને બાંધકામ કરવા માટે પ્લાન મંજુર અર્થે જરૂરી ફોર્મ્સ/પેપર્સ તેમજ પુરાવાની વિગતો તથા કાયદા વિરુધ્ધના બાંધકામ અંગેની જોગવાઈઓ વિષયક માહિતી મેળવી શકે છે તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે. પરંતુ અપીલ તબકકે પક્ષકારો તરફથી તે મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ વિગતો પૂરી પડાયેલ નથી. મુદ્દા નં.૩ કાયદેસર બાંધકામ અને ગેરકાયદેસર બાંધકામની વિગતો અપાયેલ નથી. તેવા પ્રશ્ન બાબતે અરજદારે વોર્ડ નં.૩૬ માં ગેરકાયદેસર બાંધકામ

બદલ થયેલ દંડની વસુલાત  કોની પાસે નામ સરનામાની વિગતો માંગેલ છે જે અંગે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૪૫૮ તા.૧–૯–૧૦ થી  વોર્ડ નં.૩૬ માં સમાવિષ્ટ  ઉન વિસ્તારની માહિતી આપવામાં આવેલ છે. વધુમાં લીંબાયતઝોન તરફથી પણ  પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૨૮૫ તા.૧૭–૯–૧૦ થી  વોર્ડ નં.૬૬ માં  સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ અન્વયે દંડ વસુલ કરવામાં આવેલ નથી તેવી માહિતી આપવામાં આવેલ છે. વધુમાં તે બાબતે  કોઈ સ્પષ્ટતા કરવા જોગ નથી તેવું પણ પૂરક વિગતોમાં જણાવેલ છે. જયારે અરજદારે  કાયદેસર બાંધકામ અને ગેરકાયદેસર બાંધકામની વિગતો અંગે  માંગેલ માહિતી  મુળ અરજીથી  અલાયદી માહિતી માંગવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ધ્વારા નિર્દિષ્ટ  કાયદા અને  નિયમોની વિગત આપેલ છે. કાયદો જાહેર દસ્તાવેજ  હોઈ ઈચ્છુક  વ્યકિત  તેની જોગવાઈ તેમાંથી મેળવવા સ્વતંત્ર છે.  વધુમાં આ કાયદાકીય જોગવાઈ પૈકીની એસએમસીની વેબ સાઈટ WWW.suratmunicipal.gov.in  પર પણ મુકાયેલ છે. જેમાંથી પણ અરજદાર માહિતી મેળવી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૧૮–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી  મુદ્દા નં.૧ થી ૨  અંગે  અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્સ્પેકશન પુરું પાડવાની તૈયારી દર્શાવેલ હોય જે મેળવી અરજદાર  પોતાને જરૂરી  વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં  નિયત ફી ભરપાઈ કરી  માહિતી મેળવી શકે છે.  જયારે મુદ્દા નં.૩ માં અરજદારે  મુળ અરજીથી ઉપસ્થિત કરેલ   અલાયદા પ્રશ્ન અંગે  લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)  ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિપેશ રોહિતભાઈ વખારીયા,